વાક્પુષ્પ

કઠોપનિષદમાં એવી આખ્યાયિકા છે કે , ઋષિ ઉદ્દાલકે વિશ્વજીત યજ્ઞ કર્યો હતો. દાન આપવાની પરંપરા અનુસાર ઋત્વિજોને ગાયો દાનમાં આપી.

તેમની પાસે બેઠેલા પુત્ર નચિકેતાએ જોયું કે દાનમાં વૃધ્ધ ગાયો પણ અપાતી હતી. આ યજ્ઞમાં સર્વસ્વ દાન કરવાનું હોય છે પરંતુ એમાં વ્યર્થ વસ્તુઓનો પણ સમાવેશ કર્યો હતો.

આ વાત તેને સમજમાં ન આવતાં તેણે પિતાને પૂછ્યું, પિતાજી! જે ગાયોની હવે કોઇ ઉપયોગિતા નથી તેનું દાન કરવાથી શું લાભ? પિતાએ જવાબ આપ્યો, ''સર્વસ્વ દાનમાં બધાનો સમાવેશ થાય છે''. નચિકેતાએ ફરીથી પ્રશ્ન કર્યો કે ''હું પણ દાનની જ વસ્તુ છું. આપ મને કોને દાન કરશો?'' પિતાએ ગુસ્સે થઇને કહ્યું, ''હું તને યમને દાનમાં આપુ છું''.

નચિકેતા પિતાની આજ્ઞાનું પાલન કરતાં યમના ઘરે પહોંચી ગયા. આ નાના બાળકની ઉચ્ચ ભાવના જોઇ યમરાજા પ્રસન્ન થયા અને તેને વરદાન માંગવા કહ્યું, નચિકેતાએ કહ્યું , મૃત્યુના વિષયમાં મારી જીજ્ઞાસાનું આપ સમાધાન કરો. કારણકે આપ મૃત્યુના દેવ છો, આ વિષયમાં તમારાથી વધુ સારું જ્ઞાન કોઇ આપી શકે નહિ.

પ્રશ્નના ઉત્તરમાં યમ નચિકેતાને ઘણાં પ્રલોભનો આપે છે પરંતુ આ નહિ, આ નહિ અંતે યમરાજા નચિકેતાની જ્ઞાન પિપાસાને તૃપ્ત કરતાં કહે છે કે ''જ્ઞાની ન જન્મે છે, ન મરે છે, તે નિત્ય, અજન્મા અને શાશ્વત છે.''

વચનામૃત

क्षरं प्रधानमृताक्षरं हरः,
क्षरात्मानावीशते देव एकः ।
ज्ञस्याभिध्यानाद् योजनात् तत्त्वभावाद्,
भूयश्चान्ते विश्वमायानिवृत्तिः।।

શ્વેતાશ્વતરોપનિષદ, અધ્યાય -૧/૧૦.

પદચ્છેદ : क्षरम् , प्रधानम् , अमृताक्षरम् , हरः, क्षरात्मानौ, ईशते, देवः, एकः, तस्य, अभिध्यानात् , योजनात् , तत्त्वभावात् , भूयः, च, अन्ते, विश्वमायानिवृत्तिः ।।

ભાવાર્થ : પ્રકૃતિ ક્ષર એટલે કે પરિવર્તનશીલ અને વિનાશશીલ છે, અને એને ભોગવવાવાળો જીવાત્મા અવિનાશી, અક્ષરતત્ત્વ છે. આ ક્ષર અને અક્ષર (જડ પ્રકૃતિ અને ચેતન જીવ સમુદાય) બન્નેથી ઉપર એક પરમદેવ પરમેશ્વર શાસન કરે છે. એ જ પ્રાપ્ત કરવા યોગ્ય, જાણવાયોગ્ય છે, એને જ તત્ત્વથી જાણી લેવું જોઇએ. આ પ્રમાણે દૃઢ નિશ્ચય કરી પરમાત્માનું નિત્ય ધ્યાન કરવાથી એમાં જ મનને પરોવાથી, એમાં જ તન્મય થવાથી અંતે તેને જાણી શકાય છે. ત્યાર પછી જમાયાની (જગતની) નિવૃત્તિ થાય છે.

જગતની નિવૃત્તિ એટલે જગત જતુ રહેતુ નથી પરંતુ જગતને ભોગમય દૃષ્ટિથી નહિ પરંતુ પરમાત્મા સ્વરૂપ જોવાની દૃષ્ટિ મળે છે.

ભારતીય સંસ્કૃતિ
પ્રવચન પુષ્પ ૩૩
સંન્યાસ (૨)
(પ.પૂ. સ્વામી શ્રી અસંગાનંદ સરસ્વતીજીના પ્રવચનો પર આધારિત)

આપણે ભારતીય સંસ્કૃતિના ચતુરાશ્રમ, અને એમાંની સંન્યાસ વ્યવસ્થા અંગે ચર્ચા કરી રહ્યા છીએ. મનુષ્ય જીવનના આ મહત્ત્વના 'આશ્રમ' અંગે આપણે વાત કરતા હતા. આ ભૂમિમાં હજારો વર્ષોથી હજારો લોકો સત્યની શોધ માટે સંન્યાસમાર્ગમાં પ્રવેશ કરતા આવ્યા છે, સત્યની શોધ એટલી તો આકર્ષક લાગે છે કે મોટા-મોટા મહારાજાઓ પણ ભિક્ષાપાત્ર લઇને આ દેશની ગલીઓમાં ફર્યા છે! આવા મહારાજાઓની નામાવલીમાં સિદ્ધાર્થ (બુદ્ધ)નું નામ મોખરે છે; સત્યની શોધ માટે મહારાજા સિદ્ધાર્થ ઘર છોડીને નીકળી ગયા હતા, આકરી તપશ્ચર્યા પછી બુદ્ધ થયા અને બાર વર્ષે જ્યારે એમના પોતાના જ રાજ્યમાં પાછા ગયા ત્યારે આખા રાજ્યમાં હાહાકાર થઇ ગયો હતો, લોકો અચરજ પામીને વાતો કરતા હતા કે આપણા જ દેશનો સમ્રાટ, મહારાજા આજે એમના જ રાજ્યની ગલીઓમાં અડધી રોટલી માંગતો ફરે છે! સત્યની શોધ માટે!!

આપણી સંસ્કૃતિમાં સંન્યાસનું એક આગવું સ્થાન છે. મને લાગે છે કે આપણે આજે બહુ ભાગ્યશાળી છીએ કે ઓછામાં-ઓછું આપણે આ મહત્ત્વના આશ્રમ અંગે શ્રવણ તો કરી રહ્યા છીએ, કેમ કે આ આશ્રમનો વિષય થોડો ના સમજાય એવા છે, કોઇને માટે આ માર્ગ આકર્ષક લાગે, તો વળી કોઇને આ જ વિષય ભય પણ ઉપજાવે છે. મને ખ્યાલ છે કે એક વખત અહીં વડોદરામાં શિબિર હતી અને છેલ્લે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ હતો. અનાયાસે આ કાર્યક્રમમાં બધા પ્રશ્નો સંન્યાસ અંગે જ આવ્યા; સંન્યાસ અંગે

ચર્ચા થઈ. હવે, આ શિબિરમાં એક ભાઈ પણ આવ્યા હતા, એમણે એમના મિત્રને વાત કરી કે હવે પછી હું ક્યારેય શિબિરમાં નહીં આવું. મિત્રે પૂછ્યું "કેમ?" એ ભાઇ કહે, "અહીં તો બાવા બનાવી દેશે." અને, ખરેખર, પછી કોઇ દિવસ એ ભાઇ શિબિરમાં નથી આવ્યા. સંન્યાસની વાત આવે ત્યારે લોકોમાં જુદી-જુદી પ્રતિક્રિયાઓ જોવા મળે છે - એક બાજુ તો મોટા-મોટા મહારાજાઓને આકર્ષણ થતું હોય, અને બીજી બાજુ માણસને સંન્યાસની વાતથી ભય લાગતો હોય. સ્વામી વિવેકાનંદજી એક વખત અમેરિકામાં હતા, ત્યાંના એ સત્સંગમાં તેઓ જગત્-ની નશ્વરતાની બાબતમાં વાત કરવા લાગ્યા; એમણે કહ્યુ કે "આ જે બધું દૃષ્યમાન છે એ કશું જ નથી - જે બધું છે, જે દેખાય છે એ બધામાં બસ એક જ સત્ય વિલસી રહ્યું છે, એ સત્ય સિવાય બીજું કશું જ નથી. મોક્ષ એટલે પોતાની જાતને એ સત્યમાં વિલીન કરી દેવાનું, પછી પોતાની કોઇ જુદી આયડેન્ટિટી જ ના રહે." સ્વામીજીની આ વાતને ત્યાં ઉપસ્થિત લોકો ખૂબ ધ્યાનથી સાંભળતા હતા, એટલામાં એક છોકરી ચીસ પાડી ઉઠી, કહે, "તમે આવું બધું ના કહો, મને ભય લાગે છે કે મારું અસ્તિત્વ જ નહીં રહેશે, હું રહીશ જ નહીં". મોક્ષમાં આવું હોય. આવા વિદ્વાન સ્વામી વિવેકાનંદજીને એક વખત રામકૃષ્ણએ અષ્ટાવક્ર ગીતા વાંચવા આપી, કહ્યું તું આ વાંચ. અષ્ટાવક્ર ગીતા વાંચતા-વાંચતા એ તો ગભરાઇ ગયા, અને વાંચવાનું મૂકી દીધું, કહે, "હું આ વાંચી નહીં શકું". રામકૃષ્ણએ પુછ્યું, "કેમ?" વિવેકાનંદજી કહે, "આ તો મને નાસ્તિક બનાવી દેશે, કેમ કે આ તો કહે છે કે એક સત્તા સિવાય બીજું કશું છે જ નહીં, એમ જ કહે છે." રામકૃષ્ણજીએ એમને બહુ સમજાવ્યા, એમને ખ્યાલ હતો કે વિવેકાનંદ જ આ જ્ઞાનનો અધિકારી છે, તો પણ વિવેકાનંદ માન્યા નહીં... અને, પછી એમણે માંડ-માંડ તૈયાર કર્યા, કહ્યું, "તું તારે માટે નહીં મારે માટે વાંચ, તું મને સંભળાવ ને, મારે સાંભળવું છે, તું મને સંભળાવ."

એટલે, આપણને આ માર્ગમાં આવી વાતોથી પણ ભય લાગે,

તેમ છતાં મહત્ત્વની વાત તો એ છે કે આ વ્યવસ્થા આખા વિશ્વમાંથી માત્ર આ દેશમાં જ છે, સંન્યાસની આપણી જે પરિકલ્પના છે એ રૂપમાં બીજે ક્યાંય નથી.

સંન્યાસમાં તો સર્વસ્વ દાવમાં લગાવી દેવાનું; આપણું કોઇ કે કશું જ ના રહે - મા-બાપ-પત્ની-બાળકો-ભાઇ બધુંજ દાવમાં લગાવી દેવાનું... ત્યાં સુધી કે આપણા જીવનની બધી જ આશા-ઇચ્છાઓ-ભવિષ્ય અને આખું જીવન સુદ્ધાં દાવમાં લગાવાનું!! આટલું બધું કર્યા પછી પણ એ વાતની કોઇ જ નિશ્ચતતા નથી કે તમને આ જીવનમાં, આ જનમમાં સત્યનો સાક્ષાત્કાર થઇ જ જશે, એવી કોઇ જ ગેરંટી નથી કે ના તો કોઇ લેખિત આપે કે તમને સત્ય મળશે જ. એટલે, સંન્યાસથી મોટો જુગાર કોઇ જ નથી... અને છતાં ઘણા લોકો આ જુગાર રમતા આવ્યા છે કેમ કે સત્યને શોધવું અને પામવું એ આપણો સ્વભાવ છે, આપણું ખરું અસ્તિત્વ છે, આત્મા આપણો સ્વભાવ છે.

સંન્યાસ એટલે ‘સમ્યક ન્યાસ’ (સમ્યક = સારી રીતે, ન્યાસ = છોડવું, ત્યાગ કરવો) એ લીધા પછી એને પોતાનું કહેવા માટે કશું જ ના હોય - ઘર ના હોય, પરિવાર ના હોય, ના મા કે બાપ હોય, ના કોઇ બાંધવો... એનું કોઇ કે કશું જ ના હોય. તો, જીવનની આવી વ્યવસ્થા દુનિયામાં બીજે ક્યાંય નથી, અને આશ્ચર્યની વાત તો એ છે કે સંન્યાસ લેવો ખૂબ અઘરો હોવા છતાં આ માર્ગે ચાલવાની હિંમત કરનારાઓ પણ છે, અને એ વાત પણ છે કે આ માર્ગ પર ચાલવાના એમના પ્રયાસો, પ્રયત્નો જન્મો-જન્મના હોય છે, જન્મો-જનમના એમના સત્કર્મો હોય તો જ આ માર્ગ પર ચાલવાની હિંમત થતી હોય છે.

એટલે જ કહ્યું છે કે સંન્યાસ જેવો મોટો જુગાર બીજો કોઇ જ નથી. આમ પણ જે જુગાર રમતા હોય છે તો એ પહેલા તો પૈસા દાવમાં લગાવે, એ પૂરા થઇ જાય પછી ઘરવખરી મૂકે, એય પૂરું થઇ જાય તો બીજું જે બચ્યું હોય એ લગાવે... પણ, પાંડવોએ જે કર્યું હતું

કે પોતાની પત્નીને દાવમાં મૂકી હતી, એવું તો આજના જમાનામાં કોઇ ના જ કરી શકે.

સંન્યાસમાં તો સર્વસ્વ દાવમાં લગાવી દેવાનું; આપણું કોઇ કે કશું જ ના રહે - મા-બાપ-પત્ની-બાળકો-ભાઇ બધુંજ દાવમાં લગાવી દેવાનું... ત્યાં સુધી કે આપણા જીવનની બધી જ આશા-ઇચ્છાઓ-ભવિષ્ય અને આખું જીવન સુદ્ધાં દાવમાં લગાવવાનું!! આટલું બધું કર્યા પછી પણ એ વાતની કોઇ જ નિશ્ચિતતા નથી કે તમને આ જીવનમાં, આ જનમમાં સત્યનો સાક્ષાત્કાર થઇ જ જશે, એવી કોઇ જ ગેરંટી નથી કે ના તો કોઇ લેખિત આપે કે તમને સત્ય મળશે જ. એટલે, સંન્યાસથી મોટો જુગાર કોઇ જ નથી... અને છતાં ઘણા લોકો આ જુગાર રમતા આવ્યા છે કેમ કે સત્યને શોધવું અને પામવું એ આપણો સ્વભાવ છે, આપણું ખરું અસ્તિત્વ છે, આત્મા આપણો સ્વભાવ છે.

આપણે ઘણી વખત ચર્ચા પણ કરી છે કે કોઇ વસ્તુ જ્યાં સુધી એના સ્વભાવને નથી પામતી ત્યાં સુધી એ શાંત નથી રહેતી, એ અશાંત જ રહેશે, એની અંદર એક જાતની બેચેની, એક જાતનો અજંપો રહેશે જ. એક-એક પ્રાણી-માત્રમાં આ તડપ છે - એની અંદર આનંદની શોધ, સુખની શોધ, શાંતિની શોધ, એ એની નિશાની છે, ઓળખ છે કેમ કે આનંદ, શાંતિ એ આપણો સ્વભાવ છે, આપણી ચેતનાનો સ્વભાવ છે, પરંતુ, આપણે આનંદ અને સુખ ભૌતિક વસ્તુઓમાં છે એવું સમજીએ છીએ તેથી આપણે એ તરફ, ભૌતિકતા તરફ દોડીએ છીએ.

ગૃહસ્થાશ્રમની કે બીજા આશ્રમોની વ્યવસ્થા પણ એટલા માટે જ છે કે જે આનંદની શોધ, સુખની શોધ, ઇન્દ્રિય-સુખ માટે જે બહાર દોડી રહ્યા છીએ એ બધાં સુખોની સીમાને સમજી શકીએ, એની લિમિટ્સને સમજી શકીએ. આંખો ‘ખુલ્લી’ હોય અને જો ‘જોઈ શકતા’ હોઇએ, તો એ પણ સમજાશે કે આપણે જે સ્વપ્નો જોઇએ છીએ એ સ્વપ્નોમાંની આપણી કેટલી ઇચ્છાઓ પૂરી થતી હોય છે, અને એ વાત પણ સાચી કે કલ્પનાઓ કે સ્વપ્નમાં જે સુખ આપણે

ધાર્યું હોય, ઇચ્છ્યું હોય એવું સુખ વાસ્તવિકતામાં નથી મળતું, એટલે થાય છે કે કાંઇ ગરબડ છે, કંઇક ખોટી દિશા છે...

તો, જેની આંખો 'ખુલ્લી' હોય છે એમને આ વાત સમજાય છે. એટલે, શાસ્ત્ર કહે છે કે જે દિવસે આંખો 'ખુલે', સમજાઇ જાય એ દિવસે જ ઘર છોડી દેવાનું - यत् अहः एव विरजेत्, तत् अह; एव प्रवजेत् - કે જે ક્ષણે સમજાઇ જાય કે આત્મા જ સત્ય છે, આત્મા સિવાય બીજું કશું જ નથી એ જ ક્ષણે 'ઘર છોડી દેવાનું' - એટલે કે મરણિયા થઇને એ આત્માને શોધવા, પામવા માટે લાગી જવાનું, કેમ કે જ્યાં સુધી આત્માની ઉપલબ્ધિ નથી થતી, આત્મા નથી મળતો, ત્યાં સુધી સમાધાન નથી.

એટલે, બધી જ જાતના દાખલાઓ મળશે - સત્યને પામવા નાના બાળકોએ ઘર છોડ્યું હોય જેમ કે સંત જ્ઞાનેશ્વરજીએ, શંકરાચાર્યજીએ; યુવાવસ્થામાંથી નીકળ્યા હોય, લગ્ન-મંડપમાંથી નીકળી ગયા હોય - સમર્થ રામદાસજી હતાં એ લગ્નના ફેરા ફરવાની તયારીમાં હતાં, અને ત્યાં પંડિતજીએ જે સાદ કર્યો, બોલ્યા કે 'વર-વધૂ સાવધાન!'... એ સાંભળીને એમને થયું કે પંડિતજી તો સાવધાન થવા કહે છે, અને તરત જ ઉભા થઇ ગયા, અને ફેરાના મંડપમાંથી જ જતા રહ્યા.

એવી જ રીતે, સહજોબાઇને મહેંદી લગાવી, એમના લગ્નની તૈયારી ચાલતી હતી, ત્યાંથી જ તેઓ જતાં રહ્યાં. વળી, અમર દેવીદાસને વળાવીને સાસરીએ લઇ જતા હતા અને રસ્તામાં એમને દેવીદાસ સંતના દર્શન થયા અને તેઓ ત્યાં જ રોકાઇ ગયા. યુવાન રાજા સિદ્ધાર્થને બાળક થયું, તેમ છતાં બાળકનું મોઢુંય ના જોયું અને, બસ, એ તો ઘરથી નીકળી જ ગયા... આકરી તપશ્ચર્યા કરી એ જ સિદ્ધાર્થ પછી બુદ્ધ થયા. મહાવીર સ્વામીની પાંચ-સાત વર્ષની છોકરી પણ હતી, તો પણ એ તો નીકળી ગયા હતા; વૃદ્ધાવસ્થામાંથી પણ લોકો નીકળી ગયા હોય એવા કેટલાંય દાખલાઓ મળી જશે.

જ્યારે 'આંખ ખુલે' ત્યારે નીકળો, 'આંખ ખુલવી' જોઇએ, 'બંધ' આંખોએ સાહસ નહીં કરવાનું; સહેજ પણ શંકા હોય તો

સાહસ નહીં કરવાનું. એટલે, અમને કોઇ પૂછે કે સંન્યાસ લઇએ કે નહીં , એને અમે કહીએ કે નહીં, કેમ કે એ વ્યક્તિ પૂછે છે, એટલે એને શંકા છે અને જેને શંકા છે એને માટે સંન્યાસ નથી. જ્યારે મન એવું થઇ જાય કે ભગવાન પણ સામે આવીને કહે કે આવું નહીં કર, અને તમે ભગવાનનું પણ સાંભળો નહીં, અને બસ નીકળી જ જાઓ, એ પાકું મન છે. સંન્યાસ એટલે જ આકર્ષક રહ્યું છે, કેમ કે જ્યારે માણસ સંન્યાસ લેતો હોય છે, તો એને કાંઇ સત્યના સાક્ષાત્કાર ના થઇ ગયા હોય... અમે જ્યારે ઘર છોડીને નીકળી પડ્યા હતાં ત્યારે તો કાંઇ જ સ્પષ્ટ ન હતું, કશું જ સ્પષ્ટ ન હતું... પરંતુ એટલી વાત સ્પષ્ટ સમજાતી હતી કે જેટલું જીવન દેખાય છે એમાં અધૂરપ છે, એ પૂરું નથી. સાથે-સાથે એક આશા પણ હતી, એક પ્રકારનું કિરણ દેખાતું હતું કે સત્ય છે... એ ક્યાં-કેવી રીતે, ક્યારે મળશે, શું કરીશું ... કશું સ્પષ્ટ ન હતું...એટલે, આનો અર્થ એ જ કે સંન્યાસ એ અંધારા કૂવામાં ઝંપલાવા જેવું છે, એટલ જ કબીર કહે છે કે "જે ઘર ફૂંકે આપના, ચલે હમારે સાથ."

જ્યારે 'આંખ ખુલે' ત્યારે નીકળો, 'આંખ ખુલવી' જોઇએ, 'બંધ' આંખોએ સાહસ નહીં કરવાનું; સહેજ પણ શંકા હોય તો સાહસ નહીં કરવાનું. એટલે, અમને કોઇ પૂછે કે સંન્યાસ લઇએ કે નહીં , એને અમે કહીએ કે નહીં, કેમ કે એ વ્યક્તિ પૂછે છે, એટલે એને શંકા છે અને જેને શંકા છે એને માટે સંન્યાસ નથી

આમ, આપણા ભારતમાં આવું થતું આવ્યું છે, વિશ્વમાં બીજે ક્યાંય નહીં; અને 'એવું' ક્યારે થાય, કે જ્યારે આપણે જાતે 'જોઇએ', આપણી 'ખુલ્લી આંખોથી જોઈએ'... જેમ કે સિદ્ધાર્થે જોયું, એમણે પહેલાં સંસાર જોયો, પછી એક ભિક્ષુકનેય જોયો, તો એણે એના સારથીને પૂછ્યું કે આ કોણ છે? સારથીએ કીધું કે "એ ભિક્ષુક છે, એણે સર્વનો ત્યાગ કર્યો છે." સિદ્ધાર્થે જોયું તો

એના મ્હોં ઉપર કેટલું તેજ છે, શાંતિ છે. એટલે એમને એ ભિક્ષુક પાસેથી પ્રેરણા મળી, એમણે વિચાર્યું કે ક્યાંક એ જાતનું વાતાવરણ હોય, એ જાતની પરિસ્થિતિઓ હોય, એ જાતના સંસ્કારો હોય ... હું જોતો હોઉં, તો મને એની પ્રેરણા પણ મળતી હોય, પણ મને એ જાતનું જોવાનું જ ના મળે... એટલે, જ આ દેશમાં સંન્યાસ શક્ય બનતું આવ્યું છે.

આપણે વાત કરી હતી કે આપણે ત્યાં સંન્યાસની વ્યવસ્થા ચતુર્થ આશ્રમમાં છે, તેમ છતાં સંન્યાસ અ-ક્રમ, ગમે ત્યારે પણ લઇ શકાય છે, જ્યારે વૈરાગ્ય આવે ત્યારે લઇ શકાય, એના માટે કોઇ બંધન નથી; અને ક્રમિક સંન્યાસ ચતુર્થ અવસ્થા છે.

આપણે એ પણ વાત કરી હતી કે જે ઋષિઓએ સમાજની જે વ્યવસ્થા આપી છે એ પ્રકૃતિનો, નેચરનો જે એક સ્વભાવ છે એને આધારે કરી છે, એનું એ લોકોએ અધ્યયન કર્યું હતું, એનો સાક્ષાત્કાર કર્યો, અને એ બધાં જ્ઞાનને ચેનલાઇઝ કર્યું છે, બીજું કશું નથી કર્યું...અને એમની દિવ્ય સમજથી એમણે માનવ સમાજની એક ઉત્કૃષ્ટ વ્યવસ્થા આપી - એવી વ્યવસ્થા કે જે એક સ્વાભાવિક પ્રક્રિયા છે, જે થવાની જ છે, અને આ એટલા માટે બની શક્યું, કેમ કે તેઓ માનવ-જીવનને પૂર્ણતાથી સમજ્યા હતા, એટલે એ વ્યવસ્થા જે રીતે ગોઠવાયેલી છે એ પ્રોપર જ હશે.

કોઇ પણ વ્યવસ્થા લઇએ, એને જીવનના દરેક પાસાથી વિચારો; આપણે આરોગ્યની વ્યવસ્થાની વાત કરી તો એ વ્યવસ્થામાં આપણા શરીર-પ્રાણ-ઇન્દ્રિય, મનથી લઇને આપણા વ્યવહાર અને પ્રકૃતિ એ બધાં પાસાઓને આવરી લેવામાં આવે છે, અને એ બધાં સાથે આપણી ચેતનાને પણ. આમ, આપણા આરોગ્યની બાબતમાં આ દરેક પાસાઓનો વિચાર છે; બીજી વ્યવસ્થાઓ એક જ પાસું શારીરિક જ, જુએ છે.

આપણે કોઇ પણ પાસાથી આપણી વ્યવસ્થાની બાબતમાં વિચાર કરીશું તો એ વ્યવસ્થા યોગ્ય જ હશે. આપણે વ્યાવહારિક પાસાથી પણ જોઇએ કે જ્યારે કોઇ ઘરમાંથી સંન્યાસ લેતો હોય, સંન્યાસ

માટે નીકળતો હોય, અથવા ઘરમાં જ અલગ રહીને આત્મશોધમાં લાગી જતો હોય, તો એણે શરૂઆત કરી દીધી હોય, અને તેથી ઘરમાં રહેતા બે-ત્રણ પેઢીના લોકો માટે પણ થોડી શાંતિ હોય... આમ એને વિકાસની તક મળે.

પેઢીની બાબતમાં એક સંત કહેતા કે દર વીશ વર્ષે બે પેઢીઓ વચ્ચે ગેપ આવવાનો જ, એને આપણે જનરેશન ગેપ કહીએ છીએ - રહેણી-કરણી, વિચાર-સરણી, આચાર-વિચાર... બધું જ બદલાવાનું છે અને એને કારણે ઘરમાં સંઘર્ષ પણ કાયમ રહે. સાસુ-વહુ વચ્ચે ગેપ રહેવાનો જ, સાસુ કહેશે, જુઓ, આ આવો ડ્રેસ પહેરીને ફરે છે, નવી વહુ ડ્રેસ પહેરીને ફરે એ સાસુને ગમે જ નહીં; આજે તો ડ્રેસ પહેરીને ફરે છે, કાલે સ્કર્ટ પહેરીને ફરતી વહુ આવશે તો આપણાથી એ સહન નહીં થાય.

આપણી દરેક વાતો મહદંશે ખાણી-પીણી, રહેણી-કરણીથી શરૂ થાય છે. પહેલા ખાવા માટે કોઇ હોટલોમાં ન્હોતા જતાં, બહાર ક્યાંય ન્હોતા જતાં, આજે બધાં હોટલોમાં જમવા-ખાવા જાય છે, અને રવિવારે તો ઘરનું રસોડું બંધ જ હોય. વળી, સરકાર પણ વિચારે છે કે રવિવારે તો બહેનોને કાયદેસર રજા આપવી જ જોઇએ; વચ્ચે એ લોકો કાયદો પણ લાવવા વિચારતા હતા કે રવિવારે તમે બહેનોને રસોઇ બનાવવા માટે કહી નહીં શકો, કેમ કે બીજા બધાંયને જો રજા હોય તો એમને કેમ રજા નહીં? તો, હવે લોકો હોટલોમાં જશે, રવિવારે ઘર બંધ, રસોડું પણ બંધ, અને સ્વાભાવિક છે કે આ વાત જૂના લોકોને માનસિક રીતે સ્વીકાર્ય નથી થતી, આ નવી લાઇફ-સ્ટાઇલમાં એ લોકો સેટ નથી થઇ શકતા, એમની જૂની વિચારધારા, જીવન શૈલીમાં આ સેટ નથી થતું. બીજું એ કે જો મોટું વૃક્ષ હોય એની નીચેનો નાના છોડનો વિકાસ ના થાય, એનો વિકાસ રુંધાઇ જાય. મને કેટલાક પરિવારોનો ખ્યાલ છે કે કોઇ કારણસર ઘરના દશ-બાર વર્ષના નાના છોકરાના માથેથી એના પિતાની છાયા જતી રહી હોય, આખા ઘરની જવાબદારી એને માથે આવી પડી હોય... અને આવી કપરી પરિસ્થિતિઓમાંથી

પસાર થઇને એ બાળકે પછી જીવનમાં ખૂબ સારો વિકાસ કર્યો હોય, કલ્પનામાં પણ ના આવે - એક સમયે ઘરમાં ખાવાનુંય ન્હોતું એ જ ઘરનો પુત્ર કરોડપતિ, અબજોપતિ થયો હોય એવી કેટલી ફેમિલીને હું જાણું છું. અને એવું પણ બને કે જો છોકરાને માથે પિતાની છાયા રહી હોત તો એ પુત્રનો એટલો વિકાસ ના થાત.

માણસની પ્રતિભા અક્સર કઠીનાઇઓમાં ખાસ રીતે ખીલે છે - અચાનક જવાબદારી આવે, અન્સર્ટન્ટી, ભયજનક પરિસ્થિતિ આવી પડે, કે હવે શું કરીશ?, શું થશે? ત્યારે એની છઠ્ઠી ઇન્દ્રિય જાગતી હોય, અને એ કામ કરતી હોય છે. અને જો માણસ સુરક્ષિત વાતાવરણમાં હોય તો એની સૂક્ષ્મ ઇન્દ્રિયો જાગતી નથી, એ બધી સુતેલી હોય. એટલે, બધાંય ને માટે સારું છે, એ કપરી પરિસ્થિતિમાં માણસની ઇચ્છાઓ વધી જાય, એ ખૂબ મહત્વકાંક્ષી, એમ્બીશિયસ બને છે.

શાસ્ત્રો કહે છે કે માણસની ઇચ્છઓનો તો અંત જ નથી. વિદ્વાન રાજા ભર્તુહરિ એમના वैराग्यशतकम्‌માં કહે છે કે भोगा न भुक्ताः वयमेव भुक्ताः - આપણને એવું લાગે કે હું ભોગોને ભોગવું છું, હું મીઠાઇ ખાઉં છું, અહાહા! શું સ્વાદ છે...! પણ એક સમય એવો આવે છે કે પછી મીઠાઇ જ આપણને ખાવા લાગે છે; એ ઇચ્છા આપણને એવી તો સજ્જડ રીતે પકડી લે છે કે એ છોડે જ નહીં... એને કારણે પછી ડાયાબિટીસ થઇ જાય, ડોક્ટર સમજાવે, ઘરના બધાં સમજાવે કે હવે મીઠાઇ નહીં ખાવાની... પણ એ મીઠાઇ આપણને છોડે જ નહીં, એ જ પછી આપણને ખાઇ જાય.

આમ, કોઇ પણ ભોગ હોય, એ છેલ્લે આપણને જ ખાઇ જાય છે, અને એ ઇચ્છાનો અંત જ નથી. આપણી પાસે ગાડી ના હોય તો થાય કે એક ગાડી લઇએ પછી બસ... પણ પછી બીજી ગાડી આવે, ત્રીજી આવે... ઘર ના હોય તો એય લઇએ, પછી બીજું, ત્રીજું ... પછી અહીં-તહીં ઇનવેસ્ટ કરીએ, વડોદરા, અમદાવાદ, દિલ્લી, લંડન, ન્યુ યોર્ક, અમેરીકા... કોઇ અંત છે?

માણસની વૈયક્તિક મહત્ત્વકાંક્ષા સારી છે, પરંતુ મહત્ત્વકાંક્ષા

જ્યારે સોસાયટીની, રાજ્યની, દેશની અને દેશોની પણ બની જાય છે ત્યારે એ સામૂહિક મહત્ત્વકાંક્ષાઓ વિકરાળ બની જાય છે; આજે દુનિયાની સામૂહિક મહત્ત્વકાંક્ષાઓએ આખી પૃથ્વીને જોખમમાં, રિસ્કમાં મૂકી દીધી છે, અને જો તમે વાંચતા હો, વિચારતા હો તો આ પરિસ્થિતિ તમારા પણ ખ્યાલમાં હશે.

યુરોપમાં હજારો લોકોનું ભેગા થવું અઘરું હોવા છંતા હમણાં જ મોટી સંખ્યામાં લોકો ભેગાં થયા હતા- 'Save Earth Summit' 'આ પૃથ્વીને બચાવો' ના કાર્યક્રમ માટે. જો આ બાબતે વિચાર નહીં કરીશું તો આપણે પૃથ્વીને નષ્ટ કરી દઇશું. માણસોની અને દેશોની વધતી ઇચ્છાઓને લીધે હવે બધાંયને ડર લાગે છે કે શું થશે. એ ભેગા થયેલા લોકો વિચારતા હતા કે આવી પરિસ્થિતિમાં શું કરવું જોઇએ, એ લોકો જોતા-સાંભળતા હતાં કે કોણ શું કરે છે... અને જે રીતે ચાલી રહ્યું છે એમ જ જો ચાલતું રહેશે તો આ પૃથ્વી અને એમાંની દુનિયા નહીં રહે, નષ્ટ થઇ જશે.

પર્યાવરણના વૈજ્ઞાનિકો કહે છે કે આવી પરિસ્થતિમાં જો કોઇ બચશે તો એ લોકો બચશે જે જંગલોમાં રહેનારા, આદિવાસી લોકો હોય એ બચશે, કેમ કે એ લોકો એકદમ પ્રકૃતિની સાથે જીવે છે; શહેરના લોકો નહીં બચશે કેમ કે એ લોકોની રહેણી-કરણી, ખાણી-પીણી બધું જ અપ્રાકૃતિક છે, બધાં જ સમજે છે કે આપણે બધાં મળીને પૃથ્વીને નષ્ટ કરી રહ્યા છીએ.

આપણી પૃથ્વીની ખરાબ હાલત માટે બધાં જ દેશો ઓછે-વત્તે અંશે જવાબદાર છે, બધાંને ડર છે કે હવે શું થશે? તેથી કયો દેશ શું, કેવાં પગલાં લે છે, એ જોવા-જાણવા બધાં તત્પર છે. સૌથી મોટા સવાલો તો આ છે કે કયા દેશમાં, કઇ કંપની એની કાર બનાવતી ફેક્ટરી બંધ કરશે? કેમ કે જો એ ફેક્ટરીઓ બંધ થાય તો એની સીધી માઠી અસર લોન આપતી બેંકો પર પડશે અને જો કાર ઇન્ડસ્ટ્રી બંધ થાય તો ઘણી બેંકો ફડચામાં જાય, અને જો બેંકો ફડચામાં જાય તો એ દેશનું અર્થતંત્ર, આખી સીસ્ટમ ભાંગી પડે. આ જ મુખ્ય કારણે ૫૦થી વધારે કાર ઉત્પાદક દેશો પોતાની કાર ઇન્ડસ્ટ્રીને પ્રોત્સાહન આપશે, વધારશે, પણ એમાં પીછે-હઠ તો ના

જ કરાય.

એક સર્વેક્ષણ મુજબ ૨૦૧૮માં એક બિલિયન પેસેંજર મોટર કાર અને ટ્રકો દુનિયાના રસ્તાઓ ઉપર દોડતી હતી (નાના વાહનો સ્કૂટર, મોટર સાયકલ, ઇ. જુદા), જેમાં ચીન, જાપાન અને અમેરીકા મોખરાના દેશો છે. હવે, દરેક દેશોમાં વસ્તી વધારો તો થાય જ છે, કાર અને અન્ય વાહનોની માંગ વધે, અને તેથી પણ દરેક દેશોના જી-ડી-પી દરમા વધારો થાય છે. દરેક દેશના અર્થતંત્રમાં કાર ઇન્ડસ્ટ્રીનો ફાળો ખાસ્સો એવો મોટો છે (અમેરીકાના જી-ડી-પીમાં આ દર ૩.૫% જેટલો છે, ચીનનો ૧૧-૧૩%, અને ભારતનો આંક ૮% જેટલો છે).

માણસની ઇચ્છાઓ, વધતી મહત્ત્વકાંક્ષાઓ, આકાંક્ષાઓની માઠી અસર આગળ કહ્યું એમ સમસ્ત પૃથ્વી ઉપર, પર્યાવરણ ઉપર અને આપણા બધા ઉપર વધતી જાય છે, તેથી માણસની વધતી ઇચ્છાઓ, મહત્ત્વકાંક્ષાઓ જ માણસને મારી નાંખશે

વિવિધ કારણોસર દરેક દેશો પોતાના જી-ડી-પી દરમાં વધારો કરવા ઉત્સુક હોય તેથી આમાં પીછે હઠ ના ચાલે, રોકાઇ ગયા તો જે-તે કંપનીની શેર-વેલ્યુ ઓછી થાય, અને વૈષ્વિક નાણા બજારમાં એ દેશની છાપ, ઇમેજ ઉપર નેગેટિવ, ઉંધી અસર પડે જેને કારણે દેશમાં રોકાણ અને વૃદ્ધિ માટે આવશ્યક એવું વિદેશી હુંડિયામણ ઓછું થાય, એની માઠી અસર આખા અર્થતંત્ર ઉપર પડે.

આમ, માણસની ઇચ્છાઓ, વધતી મહત્ત્વકાંક્ષાઓ, આકાંક્ષાઓની માઠી અસર આગળ કહ્યું એમ સમસ્ત પૃથ્વી ઉપર, પર્યાવરણ ઉપર અને આપણા બધા ઉપર વધતી જાય છે, તેથી માણસની વધતી ઇચ્છાઓ, મહત્ત્વકાંક્ષાઓ જ માણસને મારી નાંખશે.

તો, જ્યારે ઘરનું બાળક જોશે કે એના પિતાએ સંન્યાસ લીધો છે, અને હવે તેઓ કેટલી શાંતિથી, આનંદથી ભક્તિભાવમાં રહે

છે, એમને આનંદ છે, શાંતિ છે, તો એ બાળકને પણ અંદરથી એક પ્રેરણા રહેશે કે મારે પણ માત્ર પૈસાની પાછળ જ નથી દોડવું, મારે પણ થોડી ભક્તિ કરવી છે.

હું કેટલા પરિવારોને જોઉં છું કે તેમના પરિવારથી એકાદ પેઢી પહેલા પણ કોઈએ સંન્યાસ લીધો હોય તો? આખા પરિવારના સંસ્કારો જુદા જ હોય છે. કોઈના પરિવારમાંથી કોઈ પણ ભક્તિના માર્ગમાં આગળ વધ્યું હોય તો એની આખી મનોદશા જ જુદી હોય, ભાવના જ જુદી હોય તો વ્યવહારિક અને શારીરિક રીતે પણ સારું છે કે ૫૦-૬૦ની ઉંમરે શરીર ભોગ માટે અસમર્થ થઈ રહ્યું છે હવે સ્વાભાવિક ફ્લો (વહેણ)ની વાત છે કે શરીર ઢાળ તરફ જઈ રહ્યું છે; ૪૦ પછી ઢાળ તરફ જવાનું શરૂ થાય એને બેતાલા ચશ્મા આવે એટલે ઢાળ તરફ. તો, શું જીવનથી નિરાશ થઈ જવાનું?

ના, નિરાશ નહીં થવાનું, જીવનને નવી દિશા આપવાની, નવો ઓપ આપવાનો, નવા માર્ગમાં એને લઈ જવાનું છે; અને જ્યારે નવા માર્ગમાં માણસ ચાલવાનું શરૂ કરે છે તો એને નવી એનર્જી પણ આવે છે, નવી ઊર્જા મળે છે, નહીં તો માણસ રિટાયર થઈ ગયો હોય, બિઝનેસથી અન્ય કામોથી તો એને છાપું વાંચો, પાર્કમાં જઇને બેસો, ગપશપ કરો, અહીં મંદિરના ઓટલે જઈને આખા દુનિયાની વાતો કરો, એ સિવાય જીવનમાં એને બીજું કશું કામ હોય નહીં, પણ જ્યારે એ નવો માર્ગ લેતો હોય તો એનામાં નવો ઉત્સાહ હોય, નવી આકાંક્ષા હોય, નવા જોમ, જુસ્સો હોય.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે તમે કશું નવું શીખવાનું ખાસ કરીને વૃદ્ધાવસ્થામાં શરૂ કરો, તમને જે શરીર ઉપર, મન ઉપર વૃદ્ધાવસ્થાની અસર થઈ રહી છે જે એજિંગ ઇફેક્ટ થઈ રહી છે, એ ઓછી થઈ જશે. એમાં જો નવી ભાષા શીખવાનું શરૂ કરો તો સારું, અને સંન્યાસ પણ એક નવી ભાષા જ છે, એ ભાષામાં આપણે વિચાર્યું જ નથી; આપણે તો જીવનમાં "ગાડી લાવો", "ઘર લાવો", "પૈસા લાવો", "લાવો, લાવો" એ જ ભાષામાં વિચાર્યું હોય.

જીવનમાં સંન્યાસને લીધે જીવનની ભાષા આખી બદલાઈ જાય,

તેથી 'બધું છોડો', 'બધું છોડો' કરવાનું; નવી ભાષા છે એટલે નવી દિશામાં એ આગળ વધે, અને મૃત્યુ પહેલાં એ બોધને પામે એવી ઋષિઓની ભાવના છે, કેમ કે મૃત્યુ સમયે જો નાની અમસ્તી ઈચ્છા પણ રહેશે તો મૃત્યુ પછી એ બાકી, અધૂરી રહેલી ઈચ્છા પૂરી કરવા એ પ્રમાણે નવો જન્મ લેવો પડશે, તે ઈચ્છા પ્રમાણે એને જન્મ મળશે.

એટલે શું થાય કે સંન્યાસને લીધે શરૂઆતમાં એવી અવસ્થા નથી આવતી કે ત્યાં, વ્યક્તિમાં કોઈ ઈચ્છા જ ના રહે, કોઈ વાસના જ ના રહે, અને માત્ર આત્મામાં જ સ્થિતિ હોય; પરંતુ, જ્યાં સુધી આવી સ્થિતિ નથી આવતી, ત્યાં સુધી એ જન્મ-મરણની પ્રક્રિયાથી સુખ-દુઃખની પ્રક્રિયાઓથી મુક્ત થતો નથી. ઋષિઓ આ જ કહે છે इह चेदवीदथ सत्यमस्ति नो चेदिहवेदीन्महती विनष्टिः (केनोपनिषत् २-५) કે અહીં, આ જ જીવનમાં, આ જ જન્મમાં જાણી લીધું તો જ સાચું, નહીં તો બહુ મોટું નુકસાન થવાનું છે.

એટલે, આપણા ઋષિઓએ આ વ્યવસ્થા આપી કે ભાઈ, છેલ્લે-છેલ્લે તો તમારે સંન્યાસ લઇ લેવો એ બધી રીતે અનુરૂપ છે, અને આપણે એ વાત કરી હતી કે ઋષિઓ બહુ વ્યવહારિક હતા. સંન્યાસ માટે એવું નથી કહેતા કે તમે ભગવા કપડાં પહેરીને નીકળી જાવ અને જંગલમાં જતા રહો, બીજે ક્યાંય જતા રહો, ભીખ માંગીને જ રહો ભિક્ષાવૃત્તિથી જ રહો. ના, એવું શક્ય પણ નથી અને ૬૦-૭૦ વર્ષના થઈ ગયા હોય ત્યારે એ શક્ય કઈ રીતે હોય? સંન્યાસ બધાંને માટે શક્ય ના હોય કેમ કે ત્યારે એ કોઈ નાની મોટી બીમારીઓથી પિડાતા હોય, એને અસ્વસ્થતા હોઈ શકે અને મોટી ઉંમરે એને એટલું બધું વૈરાગ્ય પણ ના હોય, પણ અંદરથી જો સંન્યાસ માટેની ભાવના હોય, તો એના માટે કુટીચક સંન્યાસ કહ્યો છે.

કુટીચક સંન્યાસ વ્યવસ્થામાં તમે ઘરે જ રહો, શક્ય હોય તો તમારી રૂમમાં જ રહો અને ધીમે-ધીમે વ્યવહારથી પોતાની જાતને અલગ કરો અને ત્યાં રહી આત્મ-શોધમાં લાગી જાઓ; પોતાના ઘરમાં જ ભિક્ષા લો, ભોજન તૈયાર થઈ ગયું હોય, થાળી લઈને જાવ

રસોડામાં, તમને એક વખત જે આપી દે એ લઈને પાછા તમારા રૂમમાં આવી જાવ, ત્યાં રૂમમાં બેસીને જમી લો... તો બધાંને કેટલી શાંતિ - તમને પણ અને ઘરવાળાને પણ શાંતિ.

મૂળ વાત એ છે કે તમે આત્મ-શોધમાં લાગો; અને જો આ જન્મમાં નહીં થશે, અને જો મૃત્યુ સમયે આત્મ-શોધની ભાવના પણ હશે તો બીજા જન્મમાં પણ તમને તક મળશે, તમે ત્યાં જ આગળ વધશો, પરંતુ, તમે જો ત્યાં આગળ વધશો નહીં તો પછી સુખ-દુઃખના દ્વંદ્વમાં જ રહેશો. એટલે, જે માત્ર બોધ, ચેતના માટે જીવે છે એમને માટે આપણા ઋષિઓએ આ જાતની વ્યવસ્થા આપી છે.

આપણી વ્યવસ્થાએ સંન્યાસને સૌથી મોટું સ્થાન પણ આપ્યું છે. કેટલીક વખત આપણને એમાં શંકા થાય કે એમાં કશું દેખાય નહીં, કોઈ ઉપલબ્ધિ દેખાતી નથી, સંન્યાસથી શું-શું મેળવ્યું? સમાજને એનો શું ફાયદો છે, એ આપણને લાભ દેખાય નહીં. ઘણા લોકોને એવું થાય કે સંન્યાસીથી સમાજને શું ફાયદો થયો? પણ સમાજમાં સંન્યાસનું સ્થાન તો એવું છે જેમ આપણા શરીરમાં ચેતનાનું છે

આપણી વ્યવસ્થાએ સંન્યાસને સૌથી મોટું સ્થાન પણ આપ્યું છે. કેટલીક વખત આપણને એમાં શંકા થાય કે એમાં કશું દેખાય નહીં, કોઈ ઉપલબ્ધિ દેખાતી નથી, સંન્યાસથી શું-શું મેળવ્યું? સમાજને એનો શું ફાયદો છે, એ આપણને લાભ દેખાય નહીં. ઘણા લોકોને એવું થાય કે સંન્યાસીથી સમાજને શું ફાયદો થયો? પણ સમાજમાં સંન્યાસનું સ્થાન તો એવું છે જેમ આપણા શરીરમાં ચેતનાનું છે; વિજળીથી ચાલતાં ઉપકરણોમાં જે સ્થાન ઇલેક્ટ્રિસિટીનું છે એ જ સ્થાન સમાજમાં સંન્યાસીનું છે. આ વાતને સમજજો.

આજની આખી જે વ્યવસ્થા છે એ એવી છે કે જાણે એમાં માત્ર શરીર જ વિકાસ પામતું હોય. સમસ્ત પ્રકૃતિમાં મનુષ્ય સિવાયના બીજા પ્રાણીઓ પ્રકૃતિની બાબતમાં કોઈ દખલ નથી કરતાં પ્રકૃતિને છેડતાં નથી, પ્રકૃતિ જેવી રીતે ચાલતી

હોય એવી રીતે ચાલવા દે છે, અને વિકાસના નામે અન્ય પ્રાણીઓ કશું છેડતા નથી, મનુષ્ય છેડે છે.

આપણે આપણી ઇચ્છાઓ, આવશ્યકતાઓ અને વિકાસના નામે પ્રકૃતિને છેડીએ છીએ. માણસને જે વ્યવસ્થા જોઈએ એવી એ ઊભી કરે છે, અને તેથી જાણે માત્ર આપણું શરીર જ મોટું થઈ રહ્યું છે - એને ખાવાનું જોઈએ તો ખેતીની વ્યવસ્થા, પછી ખેતી માટે ખેડૂતો આવે, વૈજ્ઞાનિકો આવે ડોક્ટર આવે એન્જિનિયર આવે; એમ, આપણને કાપડ જોઈએ તો એ પ્રમાણેના કાપડ બને - એમ આપણી જે જરૂરિયાતો હોય એ પ્રમાણે આપણે બનાવતા જઈએ. વાહન જોઈએ તો કારની વ્યવસ્થા આવે, બીજી આવશ્યક વ્યવસ્થાઓ હોય તો એ પ્રમાણે બધું ઊભું થાય. શરીરની વાત કરીએ તો આંખ બગડે આંખના ડોક્ટર આવે, કાનના ડોક્ટર જોઈએ તો એ હોય, દરેક અંગ માટે કોઈ-ને-કોઈ નિષ્ણાત તો હોય જ છે, મન બગડે તો સાયકોલોજીસ્ટ હોય... પરંતુ, ચેતના જે સૌથી મહત્ત્વની છે તો ચેતનાના નિષ્ણાત કોણ? ચેતનાના નિષ્ણાત છે સંન્યાસી. અન્ય નિષ્ણાતોની જેમ સંન્યાસી ચેતનાનો ડોક્ટર છે, સંન્યાસી ચેતનાના વૈજ્ઞાનિક છે જે માત્ર ચેતનાનું જ કામ કરે છે અને એ છે સંન્યાસનું મહત્ત્વ.

હવે સમજો, સમાજમાં સંન્યાસનું શું સ્થાન હોય - ઘણાંને એવું થાય કે સમાજમાં સંન્યાસી કોઈ ઉપયોગી તો છે નહીં, પણ, આમ એની કોઈ ઉપયોગિતા દેખાય નહીં, જેવી રીતે ઇલેક્ટ્રિસિટી દેખાતી નથી પણ પંખો, લાઈટ, અન્ય ઉપકરણો ઇલેક્ટ્રિસિટી ના હોય તો ચાલે નહીં; જ્યારે ઇલેક્ટ્રિસિટી જતી રહે તો પંખા બંધ થઈ જાય, લાઇટ, એસી બંધ થઈ જાય, ત્યારે લાગે કે ઇલેક્ટ્રિસિટીની જરૂર છે, કેમ કે કોઈપણ ઉપકરણો એના વગર ચાલતાં નથી. પણ તમારી પાસે કોઈ ઉપકરણો જ ના હોય તો ઇલેક્ટ્રિસિટીની કોઈ ઉપયોગિતા ના લાગે. એવી જ રીતે શરીરમાં ચેતના શાંત હોય, એની કોઈ ઉપયોગિતા કોઈને લાગે નહીં; એને જગત સાથે કોઈ મતલબ નથી, પરંતુ, શરીરમાં જો ચેતના નથી તો શરીર મડદાં જેવું હોય, અને મડદાંને શું ગાડી અને શું બંગલો, શું ઘર? તો, જેમ

ચેતનાવાળું શરીર જીવંત હોય, એમ ચેતનવાન પુરુષો છે જેણે પોતાની અંદર ચેતનાને જગાડી છે, એવા સંન્યાસીઓ વગર સમાજ મડદું હશે, એ જ હશે, અને મડદું જ થવાનું છે.

વિચાર કરો કે એક દિવસ જો બધાને બધું જ ત્યાગ કરીને સંન્યાસ લેવાનો ભાવ હોય, બોધની તરફ જવાના હોય, તો આ વિશ્વમાં આજે જે પણ સંઘર્ષો ઊભા થઈ રહ્યા છે એમાંનું થાય કશું? એને થાય કે એક દિવસ તો બધું છોડી દેવાનું છે તો પછી શા માટે સંઘર્ષ કરવાનો? તો, સમાજમાં સંન્યાસનું આવું સ્થાન છે; અને, સંન્યાસનું પોતાનું આગવું સ્થાન છે, એનું સ્થાન છે કે જે વ્યક્તિ માત્ર ચેતના માટે જ કામ કરે છે... એમાં ઘણા સંતોને એવું બન્યું કે કરુણાવશ અલગ-અલગ ક્ષેત્રોમાં ગયા છે, એવું પણ બન્યું છે, એટલે આજે સન્યાસ ના ક્ષેત્રમાં દેખાય છે કે અલગ અલગ સંન્યાસીઓ કોઈ-ને-કોઇ સેવાકાર્ય પણ કરતા હોય.

ભારતમાં સંન્યાસીઓ દ્વારા સેવાકાર્યની શરૂઆત સ્વામી વિવેકાનંદ દ્વારા થઈ હતી; સ્વામી વિવેકાનંદ પહેલા સંન્યાસીઓ કોઈ સેવાકાર્યમાં પ્રત્યક્ષ રૂપે ન્હોતા આવ્યા, સંન્યાસીઓમાં સેવાકાર્યનો કન્સેપ્ટ જ ન્હોતો. એનું કારણ છે કે ઘણાને એમ થાય કે સંન્યાસી મંદિર બનાવે છે, આશ્રમ બનાવે છે, અને આવું બધું કરે છે, એના કરતાં હોસ્પિટલ બનાવોને, અન્નક્ષેત્ર ખોલો, સ્કૂલ બનાવો, એની વધારે જરૂર છે, એવું થાય, નહીં? પણ આ બંને ક્ષેત્રો - સંન્યાસ અને સેવા - અલગ અલગ છે.

વિચાર કરો કે કોઈ સાયન્ટીસ્ટ હોય એ સમાજના સંપર્કમાં સીધો ના આવતો હોય; સમાજ સાથે સંપર્કમાં આવે છે એની શોધ, અને એ તો આખું જીવન એની લેબોરેટરીમાં પ્રયોગશાળામાં જ વિતાવે છે. કોઈ પીએચડી નો પ્રોફેસર હોય તે બે-ચાર સ્ટુડન્ટ સાથે કામ કરતા હોય, એ પણ સમાજમાં પ્રત્યક્ષ રીતે આવતા નહીં હોય.

હવે જેટલા વૈજ્ઞાનિકો છે એ બધાંને કહીએ કે દેશમાં કેટલો ભૂખમરો છે, કેટલી ગરીબી છે, ગામડાઓમાં જઈને સેવા કરો ને, લોકોની પાસે દવા નથી, ભોજન નથી, તો શું, વૈજ્ઞાનિકો કરશે?

તમે દસ વર્ષ વૈજ્ઞાનિક અને અન્ય શોધો બંધ કરાવી દો, બધી જ લેબ, લેબોરેટરીની શોધો, હાયર એજ્યુકેશન બધું બંધ કરાવી દો, બધાં ડોક્ટરોને કહો કે હવે તો બધા જ સ્વસ્થ છે બીમાર નથી,એ બધા ભૂખ્યા છે તો તમે કંઈ ખેતી કરો ને! તો, એનાથી સમાજનું ભલું થવાનું છે? જે ક્ષેત્રમાં વ્યક્તિ છે એ ક્ષેત્રનું કામ જ એની સેવા છે ખેતી કરો, અનાજ ખવડાવો, અન્નક્ષેત્ર કરાવો એ જ સેવા નથી. ડોક્ટર પણ એની રીતે સેવા કરે છે, પ્રોફેસર એની રીતે સેવા કરે છે, દરજી એની રીતે સેવા કરે છે એમ સંન્યાસીની પણ સેવા છે કે જે ચેતનાને પ્રકાશિત કરવાનું એનું કાર્ય છે, જે પ્રત્યક્ષ ના દેખાતું હોય, એ પણ સેવા છે.

એક વખત થોડા વિચારકો બેઠા હતા, અને આમ જ વાત નીકળી, તો મેં પૂછ્યું કે "તમને એવું લાગે છે કે કોઇ વ્યક્તિ ગુફામાં જઈને ધ્યાન કરે છે એકાંતમાં એકલા રહે છે અને માત્ર ભગવાનનું નામ સ્મરણ જ કરે છે, તે શાંત બેઠા છે, આત્મા શોધમાં લાગેલા છે તો એ સમાજમાં ઉપયોગી નથી? સવાલ પૂછાયો - એની શુ ઉપયોગિતા છે?"

તો મેં પણ પૂછ્યું કે "રામકૃષ્ણ મિશન છે, તમને સમાજ માટે એ ઉપયોગી લાગે છે કે કેમ?"

"હા, એ તો ઉપયોગી લાગે છે કેમકે એ સંસ્થાની કેટલી બધી હોસ્પિટલો છે, સ્કૂલો છે, લોકોની એ લોકો કેટલી સેવા કરે છે."

તો મેં પૂછ્યું કે, "તમે એમાંથી સ્વામી વિવેકાનંદને કાઢી લો તો શું તમે મિશનની કલ્પના કરી શકો છો?"

અચ્છા માની લો કે સ્વામી વિવેકાનંદે પણ થોડી સેવા કરી પછી વિદેશ ગયા ત્યાં લેક્ચર આપ્યું, ત્યાં લોકોને જગાડયા, બધુ કર્યું, પરંતુ તેમને હોસ્પિટલમાં બહુ સેવા કરવાની તક નથી મળી, અથવા સ્કુલોમાં જઇને ભણાવવાની, કે સ્કૂલોને મેનેજ કરવાની તક નથી મળી, હા, યોગ-વેદાંતના લેક્ચર આપ્યા, સંસ્કૃતિની વાતો કરી, અધ્યાત્મની વાતો કરી તો એમણે થોડી સેવા કરી માની લેવાય.

હવે, તમે રામકૃષ્ણને કાઢી દો તો તમે વિવેકાનંદની કલ્પના

કરી શકો છો? રામકૃષ્ણ ક્યાં લેક્ચર આપવા ગયા હતા, દક્ષિણેશ્વર છોડીને રામકૃષ્ણ ક્યાં ગયા હતાં? અચ્છા, માની લઈએ કે એ પણ સત્સંગ કરતા હતા, બધાંને મળતા હતા અને ઘણા લોકોને પ્રભાવિત પણ કર્યા, પરંતુ રામકૃષ્ણની કલ્પના તોતાપુરી વગર થઈ શકે, કે જેમણે એમને અદ્વૈત સમાધિનો અનુભવ કરાવ્યો હતો, તો તોતાપુરી જેવા ગુરુ વગર રામકૃષ્ણની કલ્પના થઈ શકે?

તોતાપુરી છે એટલે રામકૃષ્ણ છે, એમનું જીવન કેવું કે આખો દિવસ ધાબળો ઓઢીને સૂઈ રહે, એમની પાસે કોઈ આવે નહીં, ખાલી જમવા માટેનો સમય થાય એટલે ભિક્ષા લઇ આવે અને જમીને ફરી આડા થઈને સૂઈ જાય ઉપરથી બ્લેન્કેટ ઓઢી લે, તેઓ ઉંઘતા ન હતા, પરંતુ કોઇ એમની પાસે આવે નહીં એટલા માટે એવું તે કરતા હતા. ત્યાર પછી રાત્રે ઉઠીને આખી રાત ધ્યાન કરતા, આખી રાત ધ્યાનમાં બેસે, અને તેઓ ત્રણ ચાર દિવસથી વધારે એક જગ્યાએ રહે નહીં. પછી આગળ આવી રીતે તેમનું જીવન હતું.

તોતાપુરી શ્રીરામકૃષ્ણના ગાઇડ થાય છે; રામકૃષ્ણ વિવેકાનંદના ગાઇડ થાય છે, વિવેકાનંદને કંઈક guidance જોઈતું હોય તો જ્ઞાન લેવા માટે એ કોઇ અન્નક્ષેત્ર ચલાવવાવાળા સાધુ પાસે જશે કે બીજા કોઈ પાસે જશે? કે કોઈ સ્કૂલ ચલાવવાળા સાધુ પાસે જશે? અને વિવેકાનંદને તૈયાર કરવામાં એકલા રામકૃષ્ણનો રોલ નથી, બીજા ઘણા સાધુઓનો રોલ પણ છે - બનારસમાં સ્વામી ભાસ્કરાનંદજી, દક્ષિણમાં એક સંત હતા, ઋષિકેશમાં ધનરાજ ગિરીજી જેમની પાસેથી વિવેકાનંદજી થોડું પંચદશી ભણ્યા ... એવા ઘણા સંતો પાસેથી તેઓ શીખ્યા હતા. પવહારી બાબાથી એટલા બધા પ્રભાવિત હતા કે એમની પાસેથી દીક્ષા લેવાની તૈયારી થઈ ગઈ હતી, પરંતુ, પવહારી બાબા તો ગુફાની અંદર જ રહેતા હતા, બહાર નીકળતા જ નહોતા; એમની બાબતમાં કહેવાતું હતું કે તેઓ કશું ખાતા-પીતા નથી માત્ર પવન જ ખાય છે, એટલે પવહારી બાબાના નામથી તેઓ પ્રસિદ્ધ હતા. સ્વામી વિવેકાનંદે તો એમની પાસે દીક્ષા લેવાનો ભાવ બનાવી લીધો હતો, પણ રામકૃષ્ણનો પ્રેમ, રામકૃષ્ણની અનુભૂતિએ

એમને રોકી રાખ્યા, નહીં તો એ ત્યાં દીક્ષા લઇ લેત.

આમ, વિવેકાનંદ આટલા બધા સંતોથી પ્રભાવિત થયા હતા, તેમની પાસેથી શીખ્યા પણ ઘણું અને બધા કેવા છે જે એકદમ અલગ છે. તો, મિશનમાં રામકૃષ્ણનો કોઈ રોલ નથી? મિશનમાં તોતાપુરીનો કોઈ રોલ નથી? ભણાવવા માટે પ્રાઇમરી સ્કૂલમાં PHDવાળો ના આવતો હોય, પણ એનો કોઈ રોલ નથી? એક પ્રાઇમરી સ્કૂલના ટીચર કોણ તૈયાર કરશે?

પછી મેં પૂછ્યું, તમે મને એક વાત કહો, સ્વામી વિવેકાનંદને પ્રેરણા થઈ કે સંન્યાસીઓ સેવા કરે, સેવાના કાર્યોમાં જાય, માંદા લોકોની સેવા, ગરીબોની સેવા કરે, લોકોને ભણાવે શિક્ષા આપે શિક્ષણ આપે, પણ નરેન્દ્રનો કયો પ્રશ્ન એને વિવેકાનંદ બનાવે છે? એ પ્રશ્ન કે હું બધાને ભણાવીશ, બધાં રોગીઓને સેવા કરીશ, બધાં ગરીબ લોકોને મદદ કરીશ, આવા પ્રશ્નો અમને નરેન્દ્રમાંથી વિવેકાનંદ બનાવે છે? કે પછી એ પ્રશ્ન કે પરમાત્મા છે? એનો સાક્ષાત્કાર થઈ શકે છે? મને ભગવાન મળશે? એ બેમાંથી કયા પ્રશ્નો નરેન્દ્રને વિવેકાનંદ બનાવે છે? તેઓ રામકૃષ્ણ પાસે કયા પ્રશ્ન સાથે ગયા હતા? એટલે, એ પ્રશ્નનો સમાજ સેવામાં કોઈ રોલ નથી?

ઇશ્વરની શોધમાં જે નીકળી જતા હોય, ઈશ્વર માટે જીવન સમર્પિત કરી દેતાં હોય એનો સમાજમાં કોઈ જ રોલ નથી? ના, તેમની ઉપસ્થિતિ માત્ર બહુ છે, જેમ ઇલેક્ટ્રિસિટીની ઉપસ્થિતિ માત્ર બધાં યંત્ર માટે બહુ છે, કદાચ કશું ન દેખાતું હોય, કે કશું દેખાતું ના હોય તોપણ.

એમ, જ્યાં સુધી આ ભૂમિમાં, આ ધરામાં એવા એવા મહાપુરુષો હશે કે જે ભલે કશું ના કરતા હોય પણ આત્મામાં જ સ્થિર હોય તો કશું ખોટું નથી થવાનું, સારું જ થવાનું છે; સમાજમાં જીવન હશે એમાં સ્થિરતા હશે, નહીં તો એ સમાજમાં ધીમે-ધીમે જીવન નહીં હોય, તો પછી સમાજ પણ મડદાં જેવો થઈ જશે.

॥ ઓમ તત્સત ॥

સાધનામાં એકાગ્રતા

જીવન શકિતની અભિવ્યક્તિ છે. સમસ્ત જીવન સક્રિય છે. અડધી ક્ષણ પણ કોઇ વસ્તુ સ્થિર રહેતી નથી. આ વિશ્વાત્મ શકિત અનવરત તથા અથાગરૂપે કામ કર્યા કરે છે. તે જ શકિત એક સૂક્ષ્મ અણુથી માંડીને વિશાળ સૂર્ય સુધી સર્વેમાં કાર્ય કરે છે. અનવરત પ્રગતિ તથા વિકાસ જ પ્રકૃતિનો નિયમ છે.

હે સાધક ! તું પણ આ વિશ્વાત્મ શકિતનું કેન્દ્ર છે. કાર્ય તથા પ્રગતિ તમારા જીવનનો પણ નિયમ છે. તમારે સદા આધ્યાત્મિક માર્ગે આગળ વધતા જ રહેવું જોઇએ. સંકલ્પપત્રો તથા દૈનિક આધ્યાત્મિક ડાયરી ભરીને જ સંતોષ ન માનવો જોઇએ. સુંદર ધ્યાન, મૃગચર્મ તથા માળા વસાવવી તેટલું જ પૂરતું નથી. ઠીક છે, તમે તમારા જીવનમાં પરિવર્તન લાવ્યા છો, પરંતુ તમારા નવા જીવનમાં તમે કેટલી પ્રગતિ કરી છે?

એક મહર્ષિએ એકવાર કહ્યું હતું "એક ક્ષણ માત્ર પણ સ્તબ્ધ બનીને ઉભા ના રહો કારણ કે પવિત્રતા અને પૂર્ણતાના માર્ગમાં સ્તબ્ધતા મનુષ્યમાં સ્ફૂર્તિ નથી લાવતી બલ્કે તેને પહેલાં કરતાં પણ નિર્બળ બનાવી દે છે જેથી પોતાના માર્ગેથી પાછો વળી જાય. આ યાદ રાખો કે આધ્યાત્મિક માર્ગે બે જ વાતો સંભવ છે - એક ઉન્નતિ અને બીજી અવનતિ. આમાં રોકાવાનું ક્યાં છે? આરામ કરવો એ તો સડવા બરાબર છે. જ્વલન્ત મુમુક્ષત્વ લઇને આગળ વધતા જાઓ. તમે કેટલો સમય સાધના કરો છો તેના ઉપર ઉન્નતિનો આધાર નથી, પરંતુ તમે કેટલી હદ સુધી બાહ્ય પરિસ્થિતિઓ ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે તેના ઉપર છે. શું તમારું મન શાંત અને સમતોલ રહે છે? શું તમે નાના નાના ક્રોધ ઉપજાવે તેવાં કાર્યોથી અપ્રભાવિત રહી શકો છો? શું તમારી પ્રકૃતિ પ્રતિકાર કરવા કરતાં ક્ષમા કરવા તરફ વધુ વળેલી છે? શું તમે વધુ ને વધુ સાધના કરી રહયા છો? તમે તમારા સંકલ્પો અને વ્રતોનું પાલન કરી શકો તે માટે શું તમે વધુ ને વધુ દૈવી કૃપાની આકાંક્ષા રાખી રહયા છો? શું તમે સંતો તથા અવતારી પુરુષોના આશીર્વાદ ઝંખો છો? આશીર્વાદ તો સદાને માટે મળ્યા જ કરે છે,

પરંતુ જે માણસ યાત્રામાં ચાલવા જ નથી ઇચ્છતો તેને માટે જોડા અને છત્રી નકામા છે, તેવી રીતે જે માણસ જ્યાં સુધી વીરતાપૂર્વક ઉન્નતિ માટે સંગ્રામ ન ખેલે ત્યાં સુધી તેને માટે આશીર્વાદ નિરર્થક છે."

જંગલના રસ્તાની એક બાજુએ પર્વતીય ભાગમાં એક ખુબ જ અધ્યવસાયી બાપુ રહેતા હતા. તેમણે પત્થર એકઠા કરી એક સુંદર કુટિર બનાવી. પછી તેની આજુબાજુની જગ્યા સાફ કરી નાંખી પણ દરવાજા આગળ એક પત્થર રાખી મૂકયો. તેમને લોકો પત્થર બાબા કહેતા હતા, પરંતુ તેઓ ખુબ જ વિરકત હતા. લોકો તેમના દર્શને આવતા અને તેમના આશીર્વાદની યાચના કરતા. તેઓ ચૂપ રહેતા પરંતુ લોકો વધુ આગ્રહ કરે ત્યારે પત્થરની ઝૂંપડી બતાવી કહેતા કે જો આ પરિશ્રમનું ફળ છે. પછી પેલા પત્થરને બતાવી કહેતા કે તમે આશીર્વાદ ચાહો છો પરંતુ આશીર્વાદ તો આ પત્થર દિવસમાં ત્રણ વખત પ્રાપ્ત કરે છે છતાં તે હજુ પત્થરનો પત્થર જ છે. આશીર્વાદથી પત્થર જયાંનો ત્યાં જ પડયો છે જ્યારે પરિશ્રમથી આ સુંદર કુટિર તૈયાર થઇ ગઇ છે. માટે હંમેશા બાહ્ય સહાયતા ઉપર આધાર ન રાખો. આગળ વધો. જરૂર પડશે ત્યારે અંતરમાંથી સહાયતા પ્રાપ્ત થશે. હજી તો તમારે ઘણું ચાલવાનું છે અને સમય થોડો છે, મુશ્કેલીઓ વધારે છે. દિવસો, મહિના અને વર્ષો તો અનવરત વહે જ જાય છે. એક એક ક્ષણ કિંમતી છે, માટે તમારા ધ્યેય તરફ ઝડપથી આગળ વધો. ઇશ્વર તો ખૂબ જ દયાળુ છે. જો તમે એક ડગલું તેના તરફ આગળ વધશો તો તે તમારા તરફ દસ ડગલાં સામે આવશે. આ કથન સત્ય છે, પણ પહેલા તમારે જ આગળ વધવું પડશે. કદાચ તમે એમ સમજતા હશો કે તમારી પરિસ્થિતિ પ્રતિકૂળ છે. તરાઇમાં રહેનારો માણસ કદી પણ ધુમ્મસ(ઝાકળ) ને દૂર નથી કરી શકતો, તેને થોડા ઉંચે ચઢવું પડશે પછી ઝાકળ તેની નજરેથી દૂર થઇ શકશે. માટે પરિસ્થિતિ તથા કમજોરીઓની ચિંતા ન કરો. સ્થિર સાધના દ્વારા આત્મજ્ઞાનમાં ઉંચા પગથિયાં ઉપર ચઢો. અંધકારમાં બેસીને "પ્રકાશ, પ્રકાશ" એમ બૂમો મારવી એ તો નરી મૂર્ખતા જ છે. ઉઠો અને સૂર્ય તરફ આગળ વધો તો પ્રકાશ પ્રાપ્ત થશે.

સેવા કરવામાં પહેલ કરો. પ્રેમનો વિકાસ કરો અને જ્ઞાનમાં ઉન્નતિ કરો. સેવા માટે સુઅવસરનું જાતે જ નિર્માણ કરો. દરરોજ કંઇને કંઇ નવી વાતો શીખો. ઇશ્વર પ્રત્યે અધિક ને અધિક ભકિતનો વિકાસ કરો. સાધનાને આગળ વધારો અને માર્ગને ચીટકી રહો. તમારી ઉન્નતિ સતત

થતી રહેશે અને અવનતિનો પ્રશ્ન જ નહિ રહે. આ જ સફળતાનો સુનિશ્ચિત માર્ગ છે. કયાંયે કદી અટકશો નહિ. કદી પણ ઢીલાશ ન કરશો. આગળ વધતા જાઓ. તમે જલ્દી તમારું ધ્યેય પ્રાપ્ત કરો.

સાધનામાં અખંડિતતા

થોડો અનુભવ પ્રાપ્ત થતાં જ સાધના બંધ ન કરશો. જયાં સુધી તમે ભૂમિમાં સ્થિત ન થાઓ ત્યાં સુધી અભ્યાસ ચાલુ રાખો. આ ખૂબ જ જરૂરી છે. જો અભ્યાસ બંધ કરી તમે પુનઃ સંસારમાં ફરવા લાગશો તો ત્યારે પણ તમારું પતન થઇ શકે છે. (એનો અર્થ એ છે કે સાધનાથી જે કંઇ શાંતિ, આનંદ, પ્રસન્નતારૂપી ઉપલબ્ધિ મળવાની તૈયારી હતી તે જ ચૂકી જવાય છે તે નથી મળતી તે જ પતન એટલે મોટી ઉપલબ્ધિ ગુમાવવી પડે છે.) અને પ્રબળ પ્રતિક્રિયા થશે. અનેક લોકો આ રીતે વિનાશ પામ્યા છે. એક ઝલક માત્રથી તમે સુરક્ષિત નથી રહી શકતા. લોકેષણા તથા યશના પ્રલોભનમાં ન પડશો. કદાચ તમે માતા-પિતા, સ્ત્રી, પુત્ર, ઘર, મિત્ર વિગેરેનો પરિત્યાગ કરી શકો છો. પરંતુ બૌદ્ધિક સુખ, નામ તથા યશના સુખનો ત્યાગ કરવો કઠણ છે. હું આ માટે તમને ચેતવણી આપું છુ કે જે મનુષ્ય આત્મામાંથી સુખ પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે આ તુચ્છ નામ-યશની પરવા કરતો નથી. સંસારી મનુષ્યને માટે આ જગત એક મહાન વસ્તુ છે જયારે બ્રહ્મજ્ઞાનીને માટે તો આ જગત એક તણખલા સમાન છે. તેને માટે તો તે એક રાઇ બરાબર, બિંદુ બરાબર કે શૂન્ય બરાબર છે. માટે વિચારશીલ બનો. બધી જ તુચ્છ વસ્તુઓની ઉપેક્ષા કરો. તમારા અભ્યાસમાં સ્થિર બનો. જયાં સુધી પરમ સાક્ષાત્કારની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સાધના ચાલુ રાખો. જયાં સુધી પૂર્ણ બ્રહ્મ ચૈતન્યમાં સ્થિત થઇ જવાય ત્યાં સુધી સાધના કદાપિ બંધ ન થવી જોઇએ.

સાધનામાં ઉન્નતિના ચાર ક્રમ

સાધનાની ઉન્નતિમાં પહેલી અવસ્થા છે મનની શુદ્ધતા, બીજી અવસ્થામાં ધારણા શકિત, મનને એકાગ્ર કરવાની શકિત ખૂબ જ વધી જાય છે, પછી ત્રીજી અવસ્થામાં ગંભીર ધ્યાન લાગવા માંડે છે અને છેલ્લી ચોથી અવસ્થામાં આત્મસાક્ષાત્કાર થાય છે. અંતરાત્માનું સર્વવ્યાપક, સર્વજ્ઞ પરમાત્મા સાથે તાદાત્મ્ય સધાય છે અને જીવાત્મા અસીમ આત્મામાં વિલીન થઇ જાય છે.

॥ ૐ નમો શિવાનંદાય નમઃ ॥